## કુલસચિવશ્રીની કચેરી,
## નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ–** (૧) વિસર્જિત ગુજરાત કૃષિ યુનિવર્સિટીના જાહેરનામા નં. એસએન–૨/૨૭૩૩–૬૬, તાઃ૧૯.૦૬૧૯૭૬
(૨) સમાન્ય વહીવટી વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૨૧.૧૦.૨૦૧૩ નું જાહેરનામું

**દિવાળીની રજાઓ જાહેર કરવા બાબત....**

**–:: <u>પરિપત્ર</u> ::–**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ/ સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, સરકારશ્રીના ઉકત વંચાણે લીધેલ ક્રમ નં. ૨ ના જાહેરનામા મુજબ આગામી તા.૨૩/૧૦/૨૦૧૪– ગુરૂવારના રોજ દિવાળી, તા.૨૪/૧૦/૨૦૧૪– શુક્રવારના રોજ નૂતન વર્ષ અને તા.૨૫/૧૦/૨૦૧૪ ના રોજ ભાઈબીજની રજાઓ સરકારશ્રીએ જાહેર કરેલ છે.

વંચાણે લીધેલ ક્રમ નં.૧ના જાહેરનામા અન્વયે માન. કુલપતિશ્રીને એનાયત થયેલ સત્તાની રૂએ તા.૨૦/૧૦/૨૦૧૪– સોમવાર અને તા.૨૧/૧૦/૨૦૧૪– મંગળવારની વધારાની બે દિવસની રજાઓ યુનિવર્સિટીમાં આથી જાહેર કરવામાં આવે છે. વધુમાં તા.૨૨/૧૦/૨૦૧૪– બુધવારની એક વધારાની રજા જાહેર કરવામાં આવે છે. આ રજાના બદલામાં તા.૦૮/૧૧/૨૦૧૪ (બીજો શનિવાર) ના રોજ તમામ કચેરીઓ ચાલુ રાખવાની રહેશે.

દિવાળીના રજાઓના અનુસંધાને જો રાજય સરકાર દ્વારા ગમે તે એક દિવસની રજા જાહેર કરવામાં આવે તો તા.૦૮/૧૧/૨૦૧૪ બીજા શનિવારે જાહેર રજા ગણવાની રહેશે.

ઉપરોકત જાહેર રજાઓ દરમ્યાન ફાર્મ/ ડેરી / લેબોરેટરી તથા અગત્યની આવશ્યક સેવાઓની કામગીરીને કોઈ અસર ન પડે તે હેતુસર જે તે યુનિટ / કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરી વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે.

સદરહુ પરિપત્ર અત્રેની નોંધ ફાઈલ ઉપર મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

ઈ/ચા.કુલસચિવ

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ૧૧૪૦૩-૫૯ /૨૦૧૪.**
**નવસારી. તારીખઃ ૦૪/૧૦/૨૦૧૪.**

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

(૧) અધિક સચિવશ્રી (કૃષિ યુનિવર્સિટીઓ), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) સેકશન અધિકારીશ્રી, (ક.૨) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, સેકટર–૧૦–એ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારૂં.

(૫) કલેકટરશ્રી, નવસારી જીલ્લા, નવસારી તરફ જાણ થવા સારુ

**<u>નકલ જયભારત સહ રવાનાઃ–</u>**

(૧) કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી આણંદ/ જુનાગઢ/સરદાર કૃષિ નગર યુનિવર્સિટી તરફ જાણ થવા સારૂં.

(૨) નવસારી કેન્દ્રના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂં.